# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૦૬/૦૫/૨૦૨૨નાં રોજ સાંજે ૪-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એચ.એ.પંડયાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૬/૦૫/૨૦૨૨ |
|---|---|---|
| ૧. | પ્રો. એચ. એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણકમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૩. | ડાયેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | શ્રી શ્રેતલભાઇ સુતરીયા | હાજર |
| ૬. | શ્રી કૌશિકભાઈ જૈન | હાજર |
| ૭. | શ્રી આશિષભાઇ અમીન | હાજર |
| ૮. | શ્રી ધવલભાઇ રાવલ | હાજર |
| ૯. | શ્રી શુધાંશુ ઝા | ગેરહાજર |
| ૧૦. | શ્રી શકિતસિંહ ચાંચુ | હાજર |
| ૧૧. | ડૉ. વનરાજસિંહ ચાવડા | હાજર |
| ૧૨. | ડૉ. મયુરીબેન ભાટીયા | હાજર |

બા.ક્ર. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના UG તથા PG પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટીના ડીનશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયમાં તા.૨૮-૦૪-૨૦૨૨નાં રોજ ૧૧ કલાકે મીટીંગ મળેલ હતી, જે મીટીંગમાં UG અને PG ની પ્રવેશ કાર્યવાહી અંગે GUAC-2022-23 ધ્વારા કરેલ ઠરાવ સંદર્ભે ચર્ચાવિચારણા કરવા બાબત.

(તા.૨૮-૪-૨૦૨૨નાં રોજ મળેલ ડીનશ્રીઓની તથા પ્રવેશ અંગેની મીનીટસ **પરિશિષ્ટ-૧** તરીકે આ સાથે સામેલ છે)

ઠરાવ: વર્ષ ૨૦૨૨-૨૩ની ગુજરાત યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશની કામગીરી અગાઉ સોંપવામાં આવેલ એજન્સીને કે અન્ય સરકારી એજન્સી કે પછી ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરીને ખાનગી એજન્સીને સોંપવાની બાબતે વિસ્તૃત ચર્ચાવિચારણા કરવામાં આવી. દરમ્યાન, ગત વર્ષે પ્રવેશના સંદર્ભમાં યુનિવર્સિટીને પડેલ મુશ્કેલીઓ બાબતે પ્રવેશની કામગીરી કરનાર એજન્સીના બે પ્રતિનિધિઓને સભામાં હાજર રાખવામાં આવેલ અને મુશ્કેલીઓના નિરાકરણની દિશામાં ચર્ચાવિચારણા કરવામાં આવી અને સદર બાબતે વધુ જાણકારી મેળવવા અને ચાલું વર્ષે પડેલ મુશ્કેલીઓ આ વર્ષે ન પડે તે માટે ઉકેલની દિશામાં કેવી રીતે કાર્યવાહી હાથ ધરી શકાય તેની

ચર્ચાવિચારણા સારૂં યુનિવર્સિટીનો સંપર્ક કરનાર એડમીશનની પ્રક્રિયા કરતી સરકારી એજન્સીઓને તા.૯/૫/૨૦૨૨નાં રોજ બપોરે ૩-૦૦ કલાકે વર્ષ ૨૦૨૨-૨૩ માટે નીમાયેલ ગુજરાત યુનિવર્સિટી એડમીશન કમીટી સમક્ષ પ્રેઝન્ટેશન માટે બોલાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

કુલસચિવ

નં.એકેડેમિક/ 55686 /૨૦૨૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ, તા.10-6-૨૦૨૨

E.C. તા. 6/5/2022
પરિશિષ્ટ-'૨'

# ગુજરાત યુનિવર્સિટી એડમીશન સેલ

Gujarat University Admission Cell, Opp. Language Dept, Nr. Information Centre, Gujarat University, Navrangpura, Ahmedabad

૨૮/૦૪/૨૦૨૨

વર્ષ ૨૦૨૨-૨૩ની ગુજરાત યુનિવર્સિટી કેન્દ્રિય પ્રવેશ કાર્યવાહી સંદર્ભે હોદ્દાની રૂએ તમામ ડીનશ્રીઓને તારીખ ૨૫/૨૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ આપવામાં આવેલ પત્રના અનુસંધાનમાં આજરોજ ૧૧ કલાકે યુનિવર્સિટી ખાતે એક મીટીંગ મળેલ, જેમાં તમામ ડીનશ્રીઓએ સર્વાનુમતે નીચે મુજબની બાબતો પર ચર્ચા કરી ઠરાવ કરેલ છે

1. UG અને PG પ્રવેશ કાર્યવાહીમાં રજીસ્ટ્રેશન ફરજીયાત હોય તે અંગેની સપોર્ટ સિસ્ટમ / પ્રવેશ કાર્યવાહી અંગેનું કોમ્પુટર સોફ્ટવેર માટેની વ્યવસ્થા અંગે તાત્કાલિક નિર્ણય લઇ અમોને જાણ કરવી, ત્યારબાદ જ પ્રવેશની કાર્યવાહી શરૂ થઇ શકે તેમ છે. જે સપોર્ટ સિસ્ટમ કે સોફ્ટવરેની વ્યવસ્થા કરવામાં આવે તેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં પડેલ મુશ્કેલીઓ ચાલુ વર્ષમાં ન ઉદભવે અને સમયસર પ્રવેશ પક્રિયા પૂર્ણ થઇ શકે તે રીતે તેમજ તે મુજબની શરતોને ધ્યાને લઈને જે તે સપોર્ટ સીસ્ટમ / સંસ્થા / એજન્સીને કાર્ય સોપવું.
2. ડીનશ્રીને આપવામાં આવેલ જવાબદારીને ધ્યાને લઇ જે તે ફેકલ્ટીમાં પ્રવેશ કાર્યવાહી દરમ્યાન જરૂરી એવા OSD, પ્રવેશ સમિતિના સભ્યો, યુનિવર્સીટી માંથી જરૂરી હોય તેવા કર્મચારીઓ તથા બહારથી અન્ય કર્મચારી સેવકભાઈઓની જરૂરિયાત મુજબ નિમણુક તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ પ્રમાણે મહેનતાણા / પુરષ્કાર ચુકવવા તથા તેમાં જરૂરીયાત મુજબ ફેરફાર કરવાની જે તે ડીનશ્રીને સત્તા આપવી.
3. વર્ષ ૨૦૨૧-૨૨ અગાઉ પ્રવેશ માટેની સપોર્ટ સિસ્ટમ / એજન્સીને કારણે પ્રવેશ કાર્યવાહી સરળ, સુવ્યવસ્થિત અને સમયસર ચાલી હતી તે દયાને લઇ વર્ષ ૨૦૨૦-૨૧ કે તે અગાઉની એજન્સીને પ્રવેશ પ્રક્રિયા માટે સપોર્ટ સિસ્ટમ / એજન્સી તરીકે રાખવા ભલામણ છે.
4. ચાલુ વર્ષે દરેક ફેકલ્ટી નીચે મુજબની ડીનશ્રીની ભલામણ મુજબ પ્રવેશ રાઉન્ડ કરવા ભલામણ છે.

   ૧) આર્ટસ – એક રાઉન્ડ (UG/PG)

   ૨) કોમર્શ – બે રાઉન્ડ (UG/PG)

   ૩) સાયન્સ – બે રાઉન્ડ (UG/PG)

   ૪) એજ્યુકેસન – એક રાઉન્ડ (UG/PG)

   ૫) લૉ – બે રાઉન્ડ ( Int Law-એક , LLB-બે , LLM-બે)
5. આ વર્ષે તારીખ ૩૧/૦૮/૨૦૨૨ પહેલા તમામ ફેકલ્ટીની એનરોલમેન્ટ/PG રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થાય તે મુજબ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

૩૦/૪